



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૦૩, સળંગ અંક : ૯૧૯, તારીખ : ૧૨-૦૬-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 12/06/2017, RMS G'nagar, Valid up to 31/12/19


**સમગ્ર ગુજરાતભરમાં ભારતીય કિસાન સંઘની યોજના મુજબ તમામ જીલ્લાઓમાં ક્રમઃ વિશાળ સંખ્યામાં સભા- રેલી - આવેદન પત્રો આપવાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. (જેનો અહેવાલો તથા ફોટાઓ આ અંકમાં પ્રગટ કરેલ છે.)**

**રેલી વિશેષાંક**

## સાબરકાંઠા જીલ્લા ભા.કિ.સંઘ દ્વારા

# હિંમતનગર ખાતે વિશાળ જાહેરસભા-રેલી-આવેદનપત્રનો કાર્યક્રમ યોજાયો

પ્રથમ કિસાન ગીત - અબ ચલો ગાંવકી ઔર ચલે તથા દેશ હમે દેતા હૈ સબ કુછ - ગાઈને સભાની શરૂઆત કરી મહેમાનોમાં શ્રી મગનભાઈ પટેલ રાષ્ટ્રિય પ્રતિનિધિ શ્રી શામળભાઈ ચૌધરી પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી અમૃતભાઈ પટેલ જીલ્લા પ્રમુખ, શ્રી નાથુસિંહ બાપુ - જીલ્લા ઉપાધ્યક્ષ શ્રી ઈશ્વર પટેલ - જીલ્લા કોષાધ્યક્ષ, શ્રી વક્તાભાઈ પટેલ, જીલ્લા મંત્રી શ્રી મગનભાઈ પટેલ - પ્રચાર - પ્રસાર પ્રમુખશ્રી જીવાભાઈ બટા અરવલ્લી જીલ્લા પ્રમુખ તથા શ્રી પ્રેમજીભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા મંત્રી સભા સંચાલન જીલ્લા મંત્રીશ્રી વક્તાભાઈએ કહ્યું.

જીલ્લા પ્રમુખશ્રી અમૃતભાઈએ મંચસ્થ મહાનુભાઓના પરિચય આપી શાબ્દિક સ્વાગત કર્યું. મુખ્ય મહેમાનોનું ફૂલછડી આપી સ્વાગત કર્યું. બેઠકની પ્રસ્તાવના કરી. સંગઠનના માળખા વિશે વાત કરી. રાષ્ટ્રીય, પ્રદેશ, જીલ્લા તાલુકા સ્તરે બેઠકો નિયમિત થાય છે પરંતુ ગામ સભા - માસિક્ નિયમિત થતી નથી જેથી કિસાનો સુધી સંગઠનના કાર્યની માહિતી મળતી નથી. જે દુખની બાબત છે. જાહેર સભામાં ન આવતા - ઘેર બેસી રહેલા કિસાનોથી વધુ નૂકશાન થાય છે જે ચિંતાનો વિષય છે.

જીલ્લા કોષાધ્યક્ષશ્રી ઈશ્વરભાઈ પટેલે સૌનું સ્વાગત કર્યું વર્તમાન સમસ્યાઓ વિશે વાત કરી. પ્રશ્નો અંગે માહિતી આપી સખત ગરમી હોવા છતાં અને વાવણી માટે જમીન તૈયાર કરવાનો સમય હોવા છતાં પણ સંગઠન માટે હાજરી આપવા બદલ સૌને બીરદાવવા અરવલ્લી જીલ્લા પ્રમુખશ્રી જીવાભાઈ બટાએ ઓછી હાજરી બદલદુખ વ્યક્ત કર્યું. ગ્રામ સમિતિઓ નિષ્ક્રીય હશે ત્યાં સુધી જાગૃતિ - જાણકારી નહિ આવે. ગામડુ જાગશે તો જ સમસ્યાઓ મટશે આજે ગાયેલ કિશાન ગીતોનું ચિંતન કરો.

સભામાં હાજરી આશરે ત્રણેક હજાર કિસાનોની ગણાય પ્રચાર - પ્રસાર પ્રમુખશ્રી મગનભાઈ પટેલ સંગઠન મજબૂત બનાવવા પર ભાર મૂક્યો - બકરાં નહિ પણ સિંહ બનવાની વાત કરી. માને મૂકીને માસીને ન ધાવવુ જોઈએ તેવી વાત મૂકી.

પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી શામળભાઈ ચૌધરીએ કહ્યું હવે સંગઠન શક્તિ સિવાય ચાલે તેમ નથી. અત્યારના શક્તિ પ્રદર્શન વિશે વિગતે માહિતી આપી. આવનાર દિવસોમાં ગાંધીનગરમાં વિરાટ શક્તિ પ્રદર્શન કરવું પડશે તેવી વાત કરી. સંગઠન મજબૂત બનાવવા સિવાય કોઈ વિકલ્પ નતી.

રાષ્ટ્રીય પ્રતિનિધિ શ્રી મગનભાઈ પટેલે પોતાના માનનીય પ્રવચનમાં જણાવ્યું ૩૮ વર્ષનાં વ્હાલોવાયં, ૧૭ શહીદોએ સહાદત વ્હોરી, ઘણી બધીચડતી પડતી જોઈ. કેટલાય પડકારો સામે આવ્યા મહેસૂલના પ્રશ્નો વિજળીના પ્રશ્નો માર્કેટયાર્ડના પ્રશ્નો - ઘણા બધા પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે. સફળતા મળેલ છે. જેની વિગતવાર માહિતી આપી સૂજલામ - સૂફલામ યોજના વિજળીમાં જયોતિગ્રામ યોજના, કૃષિ અને ગામની વિજળી લાઈનો અલગ અલગ અલગ કરવા વિગેરે આપણે સૂચવેલ જે યોજનાઓ બની તેના ફાયદા પણ થયા પરંતુ સરકારે આપણો ઉલ્લેખ ન કરવાથી લોકોને આ લોકોને આ વાતની ખબર પડતી નથી. સમાન સિંચાઈ દરની માંગણીને લીધે વિજળીના ભાવ વધારી શકતા નથી. સરકારે દોઢા ભાવ આપવાની વાત કરેલ તેને યાદ કરાવવા માટે આપણે વાદા નિભાઓ - નામથી અનેક પત્રો લખ્યા. તેની યાદ અપાવી ખેતી માટે ખાસ સંસદ સત્ર બોલાવવાની

*અનુ. પાના ૭ પર*

**અન્ય જીલ્લાઓનો અહેવાલ પાના નં. ૫, ૬ અને ૭ તથા ફોટાઓ ૮ નં. ના પાના ઉપર પ્રસિદ્ધ કરેલ છે.**

# જમીન અને પાણીની ચકાસણીની અગત્યતા અને નમૂનો લેવાની પદ્ધતિ

શ્રી એસ.એચ. લાખાણી, ડૉ. વિ.સી. ગઢિયા,
શ્રીમતી એ.કે. બારૈયા અને ડૉ. કે.પી. બારૈયા
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર

**(ગતાંકથી આગળ....)**

૫. આ માટીના ચાર ભાગ કરી સામસામેના માટીના ભાગ નાખી દેવા. પછી જે માટી વધે તેને ફરીથી બરાબર મિશ્ર કરી ચાર ભાગ બનાવી સામ સામેના બે ભાગ નાખી દેવા.

૬. આમ કરતા ૫૦૦ ગ્રામ થી ૭૫૦ ગ્રામ માટી રહે ત્યાં સુધી આ પ્રક્રિયા કરવી.

૭. આ ૫૦૦ ગ્રામ માટી પ્લાસ્ટીકની થેલીમાં ભરી કપડાની થેલીમાં મૂકી તેનું મો સીવી દેવું અથવા બાંધી દેવું.

૮. માટીનો નમૂનો ખેતરના શેઢાની નજીકથી ઝાડ નીચેથી, છાણીયા ખાતરનો જ્યાં અગાઉ ઢગલો કર્યો હોય તે સ્થળેથી છાણીયુ ખાતર પડેલ હોય ત્યાંથી, પાણીનો ઢળિયો જ્યાંથી પસાર થતો હોય ત્યાંથી લેવો નહિં.

૯. કોથળીનું મો સીવતા પહેલા એક કાગળ ઉપર બોલબેનથી નીચે પ્રમાણેની વિગત લખીને તે કાગળ કોથળીમાં મૂકી મો બંધ કરી દેવું.

**નમુના સાથે આપવાની વિગત :**

૧. ખેડૂતનું પૂરું નામ :
૨. ગામનું નામ, તાલુકા, જિલ્લો.
૩. મોબાઈલ નંબર
૪. નમૂનો લીધા તારીખ :
જમીનના નમૂનાની ઊંડાઈ (સે.મી.)
૫. સર્વે નંબર :
૬. અગાઉ લીધેલ પાકનું નામ :
૭. હવે પછી લેવાનો પાકનું નામ :
૮. સિંચાઈનો પ્રકાર :

૧૦. કાપડની કોથલીનું મો બંધ કર્યા પછી કોથડી ઉપર પણ અંદર કાગળમાં જે વિગત લખી હતી તેજ વિગત લખવી જરૂરી છે.

**જમીનનો નમૂનો લેવા માટેના ધ્યાનમાં રાખવાની કાળજી:**

(૧) જે જગ્યાએથી જમીનનો નમૂનો લેવાનો હોય તે સપાટી ઉપરતી ઘાંસ, કાંકરા કે અન્ય કચરો દૂર કરવો, પરંતુ માટી (પાંહ) ખસેડવી નહીં. (૨) ખાતરના ઢગલા, વાડ અથવા ઝાડની નજીકથી પાળો કે ધોરીયામાંથી નમૂનો લેવો નહીં. (૩) જમીનમાં પાકના મૂળના પ્રમાણમાં તેટલી ઊંડાઈના નમૂના લેવા. (૪) ચોમાસા દરમ્યાન નમૂનો લેવો નહીં. (૫) ખેતરમાં પાક ઉભો હોય ત્યારે પણ જમીનનો નમૂનો લેવો નહીં. (૬) કોઈપણ સંજોગોમાં ખાતર ભરેલા થેલામાં જમીનનો નમૂનો લેવો નહીં. (૭) પાક લેતા પહેલા નમૂનો લેવો હિતાવહ છે.

આ રીતે તમારા જેટલા ખેતરો હોય તેટલા બધા જ નમૂના લેવા જરૂરી છે. આ બધા જ નમૂના ગ્રામ સેવક મારફતે તાલુકા કક્ષાએ અથવા પેટા વિભાગની કચેરી સુધી પહોંચતા કરી દેવા.

જે તે જિલ્લામાં જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલી છે તથા ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની તથા ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કંપનીની પણ જમીન ચકાસણી પ્રયોગશાળા આવેલી છે. તો માટીના જે તે ફર્ટીલાઈઝરના વેચાણ ડેપો પર માટીના નમૂના પહોંચતા કરવામાં આવે છે. તો તે કંપનીઓ પણ માટીનું પૃથ્થકરણ કરી આપે છે.

તદ્ઉપરાંત કૃષિ યુનિવર્સિટી - જૂનાગઢ, આણંદ, નવસારી, અને દાંતીવાડા ખાતેની ખેતીવાડી કોલેજના કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગમાં તેમજ દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પર પણ માટી અને પાણીનું પૃથ્થકરણ કરી આપે છે. જે ખેડૂતને જે અનુકૂળ હોય ત્યાં માટીનો નમૂનો આપી શકે છે.

આ અંગેની વધુ માહિતીની જરૂર હોય અને માટી અને પાણીનો નમૂનો લેવા માટેની સમજણ લેવા માટે તમારા ગામના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની અવશ્ય મુલાકાત લેવી.

સોઈલ હેલ્થકાર્ડની ઉપયોગીતા શું ?

(૧) જમીનમાં લભ્ય પોષક તત્વોના પ્રમાણ અને ઉપરથી પાકને જરૂરી પોષક તત્વો પુરા પડવાની જમીનની ક્ષમતાનો ખ્યાલ આવે છે. તેની મર્યાદામાં જમીનમાં કેટલા પોષક તત્વો ખાતર રૂપે આપવા તેનો ખ્યાલ આવે છે. કયા પાકમાં કેટલું કાતર ક્યારે અને કેવી રીતે આપવું તેની સચોટ ગણતરી થઈ શકે છે. તદ્ઉપરાંત સોઈલ હેલ્થકાર્ડના આધારે જમીનમાં કયો પાક કે કઈ પાકની જાત વધુ ફાયદાકારક છે તે પણ નક્કી કરી શકાય.

(૨) વધારામાં સોઈલ હેલ્થકાર્ડના અવલોકનની મદદથી જમીનની ઉત્પાદક્તાનો પણ ખ્યાલ આવતો હોવાથી આવી જમીનમાં પાક ઉત્પાદનના અંદાજ પણ મેળવી શકાય છે.

(૩) વળી વખતોવખત આ જમીન ચકાસણીની પ્રક્રિયા થતી હોય જમીનની ફળદ્રપતામાં એકાંતરે થતા ફેરફારો પણ નજરમાં આવતા તેની જાળવણી કાર્ય પ્રણાલી પણ ઘડી શકાય. (સમાપ્ત)

# ભા.કિ.સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા મધ્ય પ્રદેશના ખેડૂત આંદોલનમાં મૃત્યુ પામેલ શહીદ કિસાનોને શ્રધ્ધાંજલિ અને પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરાઈ

ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્યશ્રી મગનભાઈ પટેલે અને પ્ર.અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા એક સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે, મધ્ય પ્રદેશમાં ચાલી રહેલા કિસાન આંદોલનમાં કિસાનોની થયેલ મૃત્યુની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે અને તેમના પરિવાર પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી તેમને પૂરતા વળતરની માંગ કરવામાં આવી છે.

દિન પ્રતિદિન ખેતી આજે ખોટનો ધંધો બની રહી છે. સર્વેનુસાર રોજ ૫૦ કિસાન આત્મ હત્યા અને ૩૦૦૦ કીસાન ખેતી છોડી રહ્યા છે. વર્તમાનમાં ખેતી અનેક આંતરિક અને બાહ્ય પરિબળોનો ભોગ બની રહી છે અને તેના પર અનેક પ્રકારનાં સંકટો તોળાઈ રહ્યા છે. સમગ્ર દેશનો કિસાન દુખી અને ત્રસ્ત છે.

રાષ્ટ્રીય કક્ષાએથી કિસાનોની સમસ્યાઓની ચર્ચા કરવા સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ થઈ રહી છે. તો તે પણ કરવામાં

**● તમામ સરકારો કિસાનોની વેદનાને સમજે અને હકારાત્મક અભિગમથી પ્રશ્નો ઉકેલે તે જ સમયની માંગ. ● ગુજરાતમાં પણ તમામ જીલ્લાઓમાં સભારેલી સહિતના કાર્યક્રમો ચાલુ.**

નથી આવી રહ્યું. કિસાનોની ડબલ આવકનો ક્યાંય અહેસાસ નથી. ત્યારે વડાપ્રધાનશ્રીને પણ “વાદા કિયા હૈ વાદા નિભાવો” ના લલકાર સાથે દેશ ભરમાં તમામ પ્રદેશોમાં હાલ કાર્યક્રમો ચાલી રહ્યા છે. ગુજરાતમાં પણ હાલ તમામ ૩૩ જીલ્લા કલેક્ટરોને જિલ્લા મથકો પર સભા રેલી અને આવેદનપત્રો આપવાના કાર્યક્રમો ચાલી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકાર પણ તમામ સ્તરેથી રજૂ થયેલા પ્રદેશ અને જીલ્લા સ્તરના પ્રશ્નો અંગે ગંભીરતા પૂર્વક વિચારી કિસાનોની માંગણીઓ અંગે ઉંડાણથી તેના કાયમી ઉકેલ માટે સર્વગ્રાહી કૃષિનીતિ બનાવે તેવી માંગણી કરવામાં આવે છે.

# ભા.કિ.સંઘ દ્વારા ભરૂચમાં ખેડૂતોની સમસ્યા અંગે રેલી અને આવેદનપત્ર

ભારતીય કિસાન સંઘ દ્વારા રેલી યોજી આવેદનપત્ર પાઠવી ખેડૂતોની વિવિધ સમસ્યાઓ અંગે રજુઆત કરવામાં આવી હતી. ભરૂચના શક્તિનાથ મેદાનમાંથી ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂત રેલી યોજી હતી.ખેડૂત રેતી શક્તનાથથી નીકળી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી.

જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ખેડૂતોને સિંચાઈ, ખરીદીના સમર્થન ભાવ, વીજચોરીમાં દંડનીય કાર્યવાહી, વડાપ્રધાન પાક વીમા યોજના મરજીયાત કરવા ઔદ્યોગિક પ્રદુષણથી થયેલ નુકસાનનું વળતર વિગેરે જેવા મુદ્દાઓના નિવારણ માટે રજુઆત કરી હતી. કાર્યક્રમમાં પ્રદેશ પ્રતિનિધી શ્રી રામભાઈ સેરથીયા તથા જીલ્લા પ્રમુખશ્રી ભીખુભાઈ પટેલ તથા પ્રદેશ કારોબારી સભ્ય શ્રી રમેશભાઈ પટેલ તથા જીલ્લાના તમામ તાલુકામાંથી મોટી સંખ્યામાં કિસાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ભા.કિ.સંઘ દ્વારા રેલી - સભા - આવેદનપત્ર આપતા સમાચારો ‘કિસાન સંદેશ’ સાપ્તાહિક માં આવતાં અંકમાં પ્રસિદ્ધ થશે. જેની સર્વે વાચકો નોંધ લેવા વિનંતી.**

## કિસાન સંદેશના અંકો નિયમીત ન મળવા અંગે

‘કિસાન સંદેશ’ સાપ્તાહિકના અંકો ક્યારેક નહીં મળવાની ફરીયાદો મળે છે તે અંગે સવિનય જણાવવાનું કે ગાંધીનગર કાર્યાલયથી દર સોમવારે તમામ ૩૪ જિલ્લા સહ અલગ પેપર કરીને કોમ્પ્યુટરાઈઝડ રીતે તમામ ગ્રાહકોની સ્લીપ બનાવીને ચોકસાઈ પૂર્ણ રીતે અંકોની રવાનગી કરવામાં આવે છે. જેથી કોઈ મુશ્કેલી પડે નહિં પરંતુ આપને અંક ન મળવાના સંજોગોમાં નીચેના ફોન પર સંપર્ક કરી ધ્યાન દોરવા વિનંતી છે. બીજા તરફ ઘણાં ગામોમાં ટપાલીની અનિયમીતતાઓ પણ ધ્યાન આવેલ છે. તમામ પોસ્ટમેનોએ દરરોજ કેટલી ટપાલ વિતરણ કરી તેનું રજીસ્ટર રાખી રોજ ગામમાંથી કોઈ એક વ્યક્તિની સહી પણ લેવાની હોય છે. તો આપણે તેની પુછપરછ કરીએ અને તેની નિયમીતતા માટે પણ પુછપરછ કરીએ. ફોન નં. ૦૭૯-૨૩૨ ૨૪૯૧૬, મો. ૯૯૦૯૦ ૦૦૨૧૪. આપ ગ્રાહકના સ્લીપ (રેપર) ઉપર આપનું લવાજમ પૂર્ણ થવાની છેલ્લી તારીખ છાપવામાં આવે છે. તે પહેલા નજીકના એજન્ટે રૂા.૨૦૦ના મનીઓર્ડર દ્વારા લવાજમ આગોતરૂ ભરી આપના અંકની નિયમીતતા કરવા પણ વિજ્ઞપ્તી સહ...

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૧૦૫

રા. સ્વ. સંઘ
**કાર્યકર્તા**
અધિષ્ઠાન : વ્યક્તિત્વ: વ્યવહાર
દત્તોપંત ઠેંગડી
અનુવાદક :
હસુભાઈ દવે
સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

મજદૂર ક્ષેત્રનું એક ઉદાહરણ છે. કોઈ એક કારખાનામાં આપણા કાર્યકર્તાએ ઘણું જ સારું સમાધાન કર્યું. સમાધાન થયા પછી અન્ય, સંગઠનોના કાર્યકર્તાઓએ આપણા નેતાને એક મોટરગાડી આપી. આથી કેટલાય મજૂરો આપણા ભારતીય મજદૂર સંઘના કાર્યકર્તા પાસે આવી કહેવા લાગ્યા કે આપને પણ અમે મોટરગાડી આપવા માંગીએ છીએ. આપણા કાર્યકર્તાએ કહ્યું, 'કાર તો બેકાર છે, નથી જોઈતી. આ કાર કોણ સાફ કરશે ? મારા માટે તો સાયકલ જ ઠીક છે.'

આપણે જોઈએ છીએ કે ઘણી વખત સંપૂર્ણ સમય આપીને કામ કરનારા આપણા કાર્યકર્તાઓએ 'મુલાકાત' આપી છે. તેમાં તેઓએ બધા લોકોને કહ્યું કે અમને જેટલું મળે છે, એટલું પૂરતું છે. એમાં અમારો જીવનનિર્વાહ થઈ જશે. વધારે વધારવાની આવશ્યક્તા નથી. તેઓએ જ્યારે પોતાના અનુભવો બતાવ્યા તો અમને લાગ્યું કે કેટલા વિશાળ વિચારોવાળા કાર્યકર્તાઓ સાથે અમે કામ કરી રહ્યા છીએ. એક આવી જ ઘટના યાદ આવે છે. પોતાનો પૂરો સમય આપીને કામ કરનાર કાર્યકર્તા અમારી પાસેથી અમુક પૈસા લેતા હતા, પરંતુ કોઈ કારણસર અથવા તેમના પ્રયાસથી તેની એવી પરિસ્થિતિ થઈ ગઈ કે જેના કારણે તેને પૈસા લેવાની આવશ્યક્તા ન રહી. તેણે કહ્યું કે આગલા મહિનાથી મારે ભારતીય મજદૂર સંઘ પાસેથી પૈસા લેવાની આવશ્યક્તા નથી. આમ પહેલાં જ્યારે લેતા હતા ત્યારે અમને લાગતું હતું કે કેટલા ઓછા પૈસા અમે આપી રહ્યા છીએ, અમને શરમ આવતી હતી. હવે તેઓ જ કહેવા લાગ્યા, એટલા પણ પૈસાની હવે આવશ્યક્તા નથી. આ એક ઉત્તમ વિચાર છે.

આપણે ત્યાં જીવનનિર્વાહ અને જીવનસ્તરની માન્યતા જ એવી છે કે ચામડી અને હાડકાં સાથે રહેવા માટે જે ઓછામાં ઓછી આવશ્યક્તા છે, એટલું જ મળી રહે તો બસ છે.

અન્ય ક્ષેત્રમાં પણ સંઘના કાર્યકર્તાઓ સમાન એક બીજો પણ વર્ગ હોય છે, જેઓ પોતાનો સંપૂર્ણ સમય કાર્ય માટે નથી આપતા, જે જીવનનિર્વાહ માટે કોઈક વ્યવસાય અથવા નોકરી કરે છે. આમ કરતાં હોવા છતાં પણ વધારેમાં વદારે સમય સામાજિક કામ માટે કાઢતા હોય છે. આ લોકો પૂર્ણ સમાજસેવી નથી એ સત્ય છે તો પણ તેમને કાર્યકર્તાની પ્રતિષ્ઠા અર્પવી જ જોઈએ, કારણ કે ગૃહસ્થ એ નાતે અન્ય કૌટુંબિક જવાબદારીઓનું વહન કરવા છતાં પણ પોતાના કામમાં એકાગ્રચિત્ત રહેવું અઘરુ પણ છે, એથી ઓછું કલ્યાણકારી પણ નથી. મુનિવર્ય નારદજી અંગે એક કથા છે. તેમના મનમાં પોતાની ભગવદ્ ભક્તિ માટે ઘણું અભિમાન થયું. 'નારાયણ, નારાયણ' મંત્રનો જપ અખંડ રીતે કરતા રહેતા હતા. આથી ભગવાને તેની પરીક્ષા લીધી. એક થાળીમાં પાણી ભરીને તેના હાથમાં ધરી દીધી અને કહ્યું કે મારી ત્રણ પ્રદક્ષિણા કરો. શરત એ છે કે થાળીમાંથી એક પણ ટીપું જમીન પર ન પડે. હવે નારદે પ્રદક્ષિણા શરૂ કરી તો પૂરું ધ્યાન તે શરત પર રહ્યું તો મુખથી 'નારાયણ - નારાયણ' મંત્ર બંધ થઈ ગયો. ત્રણ પ્રદક્ષિણા પૂરી થતાં ભગવાને કહ્યું, 'કેવળ આ શરત પૂરી કરવામાં તમે ધ્યાન આપ્યું તો ભગવાનનું નામ લેવાનું ભૂલી ગયા. તારાથી તો અન્ય સંસારી લોકો વધારે પ્રમાણમાં મારી ભક્તિ કરે છે. પરિવારની બધી જ જવાબદારીઓ નિભાવતી વખતે પણ તેઓ મારું નામ, મારી ભક્તિને ભૂલતાં નથી.' આથી આવા સંસારી કાર્યકર્તા પણ આપણી દૃષ્ટિએ એ જ સમર્પિત વર્ગમાં ગણવામાં આવે છે.

**આપણા સંગઠનનો નહિ, સમગ્ર ક્ષેત્રનો વિચાર :**

સંઘ કાર્યકર્તા અન્ય ક્ષેત્રમાં કામ કરવા જાય છે ત્યારે તેના મનમાં માત્ર પોત પોતાના સંગઠનનો નહીં, પરંતુ સમગ્ર ક્ષેત્રનો વિચાર હોવો જોઈ. સંઘ સમગ્ર હિંદુ સમાજની સાથે એકાત્મ છે. આથી અન્ય ક્ષેત્રોમાં જનારા આપણા સ્વયંસેવક કાર્યકર્તાઓની માનસિક્તા માત્ર સંસ્થાગત ન હોવી જોઈએ. તેઓમાં પોતપોતાની સંસ્થા અંગે સંસ્થાગત અહંભાવ પેદા થવો ન જોઈએ. મને યાદ છે કે આપણા જ થોડા સ્વયંસેવક સામ્યવાદી સંગઠનમાં કામ કરતા હોવાથી પૂ. ગુરુજી પાસે ફરિયાદ કરવામાં આવી કે સ્વયંસેવક હોવા છતાં પણ ભારતીય મજદૂર સંઘના પ્રતિસ્પર્ધી સંગઠનમાં તેઓ કેવી રીતે કામ કરી શકે ? તેઓને અટકાવવા જોઈએ.

આ અંગે પૂ.ગુરુજીએ જે કહ્યું, તે અન્ય ક્ષેત્રોમાં કાર્યરત આપણા કાર્યકર્તાઓ માટે ઘણું જ ઉપયોગી થઈ શકે છે. તેમણે કહ્યું - સંઘના સરસંઘચાલક એ નાતે હું એવું કહી શકતો નથી કે મજદૂર ક્ષેત્રમાં માત્ર ભારતીય મજદૂર સંઘના કાર્યકર્તા જ મારા લોકો ચે. સંરસંઘચાલક એ નાતે તો સમગ્ર સમાજ મારો જ છે. હું માત્ર સંઘનો જ નહીં, સમગ્ર હિંદુ સમાજનો સરસંઘચાલક છું. આથી હું તો કોઈ સ્વયંસેવક કાર્યકર્તાને બીજા સંગઠનમાં કામ કરતાં અટકાવી શકતો નથી, જ્યાં સુધી ત્યાં પણ તે સ્વયંસેવક આપણી રીતિ, નીતિ, પદ્ધતિને ચરિચાર્થ કરીને કામ કરી રહ્યો હોય છે. એક વખત ઉત્તર પ્રદેશના સંઘશિબિરમાં ભોજન માટે પંડિત દીનદયાળજી આવ્યા હતા. એક સ્વયંસેવકે તેમને પૂછ્યું, 'પંડિતજી, હવે આગામી ચૂંટણીમાં આપણા કેટલા લોકો ચૂંટાઈને આવશે ?' પંડિતજીએ પૂછ્યું, 'આપણા એટલે કોણ ? સંઘ સ્વયંસેવક એ નાતે પૂછી રહ્યા હો તો જે પણ ચૂંટાઈને આવશે, તે તો આપણા જ છે.' આનો અર્થ એ કે સંઘ સ્વયંસેવકોના મનમાં કોઈ પણ ક્ષેત્રમાં કામ કરી વખતે સમગ્ર ક્ષેત્ર જ આપણું છે એવી ધારણા હોવી જોઈએ. રાજનીતિમાં પણ જે આપણા રાજકીય પક્ષની બહારના માણસો છે તેઓ પણ હિંદુ રાષ્ટ્રના વર્તુળથી બહાર છે એવું આપણે માનતા નથી.

એ સત્ય છે કે પોતપોતાના ક્ષેત્રમાં પોતપોતાની સંસ્થા તથા લોકસંઘટન વધારવાનો પ્રયત્ન આપણે કરીશું ત્યારે તે ક્ષેત્રમાં કામ કરનારી અન્ય સંસ્થાઓના કાર્યકર્તાઓ સાથે આપણો વિરોધ થાય એ સ્વાભાવિક છે. આપણી સંસ્થાની દૃષ્ટિએ આપણે પણ વિરોધ કરવો પડશે. આ કરવા છતાં પણ આપણી ધારણા એ રહેવી જોઈએ કે આજે થોડી ગેરસમજને કારણે તેઓ આપણા વિરોધમાં કામ કરી રહ્યા છે, પરંતુ સમય જતાં તેમને પણ આપણી સાથે લાવવાના છે. તેઓ ખોટી રીતે વિરોધ કરતા હશે તો અનિવાર્યતાને કારણે આપણે તેમને મારીશું, પરંતુ એ વિદ્વેષના કારણે નહીં તો માતૃહૃદયથી, જેવી રીતે માતા બાળકને કડવી દવા પીવડાવે છે. બાળક માતાને મારે છે. માતા પણ દવા પાવા માટે તેને થપ્પડ લગાવે છે. તે દ્વેષને લીધે નહીં, પરંતુ માતૃહૃદયથી. તેમાં બાળકના ભલાઈની જ ભાવના રહે છે. એ જ રીતે લોકસંઘઠનોના ક્ષેત્રોમાં આપણો વિરોધ કરનારા પણ આપણા ભવિષ્યના બીજરૂપ કાર્યકર્તા જ છે, માત્ર તેઓ આજે ગેરસમજનો ભોગ બન્યાં છે, એવી ભાવના એમના પ્રત્યે આપણા મનમાં હોવી જોઈએ.

*ક્રમશઃ*

---

# નાના અને સીમંત ખેડૂતોની સધ્ધરતા માટે સજીવ ખેતી અને પશુપાલન....

-ડૉ.કે.બી. પ્રજાપતિ
સંશોધન વૈજ્ઞાનિક,
પશુ સંશોધન કેન્દ્ર

**ગતાંકથી ચાલુ....**

(૧) ઢગલા સ્વરૂપે ઉકરડો બનાવવા કરતા ખાડો કરીને બનાવવામાં આવે તો ૮ મહિના બાદ અંદાજીત ૧૭ ટકા નાઈટ્રોજન, ૯ ટકા ફોસ્ફરસ, ૨૮ ટકા પોટાશ વધારે જોવા મળે છે. તે જ રીતે સુક્ષ્મ તત્વોમાં લોહતત્વ ૭ ટકા, જસત ૨૪ ટકા, મેન્ગેનીજ ૭ ટકા અને તાંબુ ૧૦ ટકા વધારે જોવા મળે છે.

(૨) જો ખાડામાંથી છાણીયું ખાતર કાઢી ખેતરમાં સમયસર ભેળવી દેવામાં આવે તો પણ હેક્ટરે રૂા. ૫૫૮૦ ની સીધી બચત થાય છે.

(૩) અળસીયામાંથી બનાવેલ ખાતરમાં પરંપરાગત છાણીયા ખાતરના મુકાબલે નાઈટ્રોજન ચાર ગણો, ફોસ્ફરસ ૭ થી ૯ ગણો અને પોટાશનું પ્રમાણ દોઢું હોય છે. (નાઈટ્રોજન ૦.૩૪ વિ ૧.૨૦, ફોસ્ફરસ (૦.૯ વિ ૦.૮૧) અને પોટાશ (૦.૨૨ વિ ૦.૩૪) તે જ રીતે જુદી જુદી પદ્ધતિથી બનાવેલ સેન્દ્રિય ખાતરોમાં નાઈટ્રોજનનું પ્રમાણ ૨ થી ૩ ગણું, ફોસ્ફરસ ૪ થી ૮ ગણું અને પોટાશ ૧.૫ થી ૨ ગણું પરંપરાગત છાણીયા ખાતરના મુકાબલે મળે છે. એક પુખ્ત પશુમાંથી મળતા છાણનો ઉપયોગ કરી વર્મીકમ્પોષ્ટ બનાવી ખેડૂત વર્ષ દહાડે ૧૨ થી ૧૫ હજારની વધુ આવક મેળવી શકે છે.

(૪) સંપૂર્ણ કુદરતી સેન્દ્રિય ખાતર બનાવવા માટે પશુનું છાણ અને મુત્ર ભેળવી અમૃત જળ બનાવી શકાય છે. ચોમાસું અને વરસાદી પાકોમાં બીજને અમૃત પાણીનો પટ આપીને વાવણી કરી શકાય છે. જે રસાયણોનો ખર્ચ ઘટાડે છે. મરચી, તમાકુ અને ફળપાકોમાં ફેરોપણી બાદ આપવામાં આવતા પાણી સાથે અમૃતપાણી આપી શકાય છે. જે જંતુનાશક દવાના વિકલ્પ તરીકે વાપરી શકાય છે.

(૫) દેશી ગાયના તાજા છાણ, ઘી, તાજું મુત્ર, દુધ, દહીં, ગોળ, શેરડીનો રસ, કેળા, નાળીયેર પાણી, સાદું પાણી મેળવી બનાવવામાં આવતું પંચગવ્ય પણ સજીવ ખેતીમાં વપરાય છે. જે પંપથી છાંટીને કે વહેતા પાણી સાથે મિશ્રિત કરીને આપી શકાય છે. બીજધરુની માવજતમાં પણ તે ઉપયોગ કરી શકાય છે તે રીતે ખેડૂતની રસાયણિક આધારિત કેતી પરનો આધાર ઘટતા સદ્ધરતા પ્રાપ્ત થઈ શકે છે.

(૬) દેશી ગાયના તાજા છાણ, મુત્રમાંથી બનતા જીવામૃત, બીજમૃત, સંજીવક થાકી પાક પર છંટકાવ કરી, રસાયણિક ખાતર, જન્તુંનાશકોનું ખર્ચ ઘટાડી શકાય છે.

(૭) દેશી ગાય - ભેંસના છાણમાંથી ગોબરગેસ થાકી ઉર્જા પ્રાપ્ત થવા ઉપરાંત મળતી રબડી ઉત્તમ ખાતરની ગરજ સરે છે. તથા તેમાંથી વર્મીકમ્પોષ્ટ પણ બનાવી શકાય છે. કમ્પોષ્ટ ખાતર પણ પાકના કચરામાં મિશ્રણ કરીને તૈયાર કરી શકાય છે. ગોબર ગેસના ઉપયોગ થકી પેદા થતા મીથેનથી દીવાબત્તી તથા રસોઈનું ખર્ચ ઘટાડી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત થઈ શકે છે. અને ગ્લોબલ વોર્મિંગ ઘટાડી શકાય છે.

(૮) વર્મીકમ્પોષ્ટ પદ્ધતિમાં મળતા વર્મીવોશથી ખેતીમાં ઉપયોગી માઈક્રોબીયલ કાઉન્ટ જેવા કે હેટેરોટ્રોફસ, નાઈટ્રોસોમસ સ્પીસીસ, નાઈટ્રોબેક્ટર સ્પીસીસ ફેન્જાઈનું પ્રમાણ જમીનમાં વધારતા જમીનને જીવંત બનાવી શકાય છે. જે સરવાળે પાક ઉત્પાદન વધતા ખેડૂતની સદ્ધરતા વધારે ચે.

(૯) ગાય - ભેંસના છાણનો ઉપયોગ માછલીના તળાવમાં માછલીના ખોરાક તરીકે ઉપયોગ કરી ખેડૂત પુરક આવક મેળવી શકે છે.

(૧૦) ખેતી સાથે મધમાખી પાલન કરવાથી મધના ઉત્પાદન સાથે ખેતી પાકોમાં સારી રીતે પરાગનયન થવાથી પાક ઉત્પાદન વધારી શકાય છે.

ઉપરોક્ત હકીકતો જોતા સજીવ ખેતી માટે પશુપાલન જરૂરી બને છે. પશુપેદાશોને વેચાતી લાવીને સજીવ ખેતી કરવી પ્રમાણમાં મોંઘીબિનતા ખેતી સાથે પશુપાલનને સંકલિત કરી સજીવ ખેતી સારી રીતે કરી શકાય છે.

**સંદર્ભ સાહિત્ય :**

(૧) પેજ ૪૨ 'વર્કશોપ ઓન થીંકીંગ', સ.દા.ફ,યુ., સરદાર કૃષિનગર, ફેબ્રુ ૮-૧૦-૨૦૧૬.

(૨) 'સજીવ ખેતી' પુસ્તિકા, સરદારકૃષિનગર, શ્રેણી ૩:૪:૮૮ વર્ષ ૨૦૧૬, પેજ ૫, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯.

(૩) સેન્દ્રિય ખાતરો ઉત્પાદન અ" ઉપયોગની પદ્ધતિ પ્રકરણ પેજ ૪૧, ૫૩, ૫૬, ૬૦ સજીવ ખેતી લેશન પ્લાન, ખેતી નિયામકશ્રીની કચેરી, વર્ષ મે ૨૦૧૬.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ

ગુરૂવારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. સૌરાષ્ટ્રના સાવરકુંડલા, જામનગર, રાજકોટ,



પાલિતાણા સહિતના વિસ્તારોમાં સારો એવો વરસાદ ખથયો હતો. જ્યારે દક્ષિણ ગુજરાતમાં સુરત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. જેમાં સુરત શહેરમાં ભારે વરસાદના પગલે રડો પર પાણી ભરાયા હોવાના અહેવાલ મળી રહ્યા છે.દિલ્હી સહિત ઉત્તર ભારતના અમુક વિસ્તારોમાં પણ ગુરુવારે સારા એવા પ્રમાણમાં વરસાદ પડ્યો છે. ગુજરાતમાં આગામી ત્રણ દિવસ દરમિયાન સારો વરસાદ થશે એવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# ઝાલાવાડ પંથકના અનેક વિસ્તારોમાં બે ઈંચ સુધી વરસાદ

ઝાલાવાડ પંથકના સુરેન્દ્રનગર, વઢવાણ, ચોટીલા, મુળી, થાન, ધ્રાંગધ્રા, સહિતના વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન એકથી ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. અમુક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ થતા વૃક્ષો ધરાશાયી થયા હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. ઉત્તર તરફ સર્જાયેલા અપર એર સાયક્લોનિક સરક્યુલેશનના કારમે આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં દરિયાકિનારાના વિસ્તારામાં ભારે વરસાદ થવાની શક્યતા સેવવામાં આવી છે. હાલ સામાન્ય ઘટાડા સાથે રાજયના મોટાભાગના શહેરોમાં ૪૦ ડિગ્રી આસપાસ તાપમાન જોવા મળી રહ્યું છે.

અછતની સમીક્ષા કરવા મળેલી બેઠકમાં મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે અછત ધરાવતા રાજયના ૫૦૧ ગામોના ૬૪૫ જેટલા તળાવોને નર્મદાના પાણીથી ભરવામાં આવ્યા છે. અછતગ્રસ્ત વિસ્તારોમાં ૧૧.૩૬ લાખ કિલો ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## મધ્યપ્રદેશમાં ખેડૂતો ઉગ્ર બન્યા : પોલીસ સ્ટેશન, બેંક સળગાવ્યા

મધ્ય પ્રદેશના ખેડૂત આંદોલન દરમિયાન છ ખેડૂતોના મોત બાદ સ્થિતિ ગંભીર બની છે. બુધવારે મંદસૌર, નીમચ, રતલામ, દેવાસ સહિતના વિસ્તારોમાં વ્યાપક હિંસા થઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. જેમાં મંદસૌરના કલેક્ટર સાથે ખેડૂતોએ ઉગ્ર બની મારામારી કરી હતી. જ્યારે નીમચમાં પોલીસ સ્ટેશનને સળગાવવામાં આવ્યુ હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે. કાયમપુરમાં બેંક અને એટીએમમાં આગ લગાડવામાં આવી હોવાનું જાણવા મળે છે.



આ ઉપરાંત અનેક સ્થળોએ બસોને આગ લગાડવામાં આવી છે.

મધ્ય પ્રદેશના મંદસૌરમાં આંદોલન દરમિયાન શહિત થયેલા ખેડૂતોના પરિવારોને એક એક કરોડ રૂપિયાની સહાય તેમજ પરિવારના એક વ્યક્તિને સરકારી નોકરી આપવાની જાહેરાત મુખ્યમંત્રી શીવરાજસિંહ ચૌહાણે કરી છે. ઘાયલોને પાંચ પાંચ લાખ રૂપિયાની સહાય અપાશે.

## ગુજરાતમાં આ સિઝનમાં ૧૦૦ ટકા વરસાદ થશે: હવામાન વિભાગ

ભારતીય હવામાન વિભાગે મંગળવારે આ ચોમાસા માટે લાંબાગાળાની આગાહી જાહેર કરી હતી. જેમાં સમગ્ર દેશમાં આ ચોમાસામાં ૯૦ ટકા વરસાદ થવાની સંભાવના રજુ કરવામાં આવી હતી. જ્યારે ગુજરાત તેમજ મધ્ય ભારતના રાજયોમાં ૧૦૦ ટકા વરસાદ થવાની આગાહી કરવામાં આવી હતી. જેમાં મોટાભાગનો વરસાદ જુનથી સપ્ટેમ્બર સુધીમાં પડશે. અલનીનોની અસરથી વરસાદનો બીજો તબ્બકો થોડો નબળો રહેવાની આશંકા પણ હવામાન વિભાગે સેવી છે.

ગત એપ્રિલ મહિનામાં હવામાન વિભાગ દ્વારા રજુ થયેલી પ્રથમ આગાહીમાં દેશમાં ૯૬ ટકા વરસાદ થવા અંગે જાહેરાત થઈ હતી. જ્યારે હાલ થયેલી લાંબાગાળાની આગાહીમાં વરસાદનું પ્રમાણ ૨ ટકા વધારી ૯૮ ટકા કરવામાં આવ્યું છે.

## ચંદનની ખેતી માટે રોપાદીઠ રૂા. ૩૫ સુધીની વન વિભાગની સબસીડી

ચંદનની ખેતી લાંબા ગાળે મોટી આવક આપે છે. ગુજરાતના ખેડૂતો ચંદનની ખેતી કરવા માટે પ્રેરાય એ હેતુ સાથે વન વિભાગ દ્વારા ખાસ સહબસીડી આપવામાં આવી રહી છે. જેમાં જુદી જુદી ત્રણ કેટેગરીમાં પ્રતિ રોપા રૂા. ૧૫ થી લઈને રૂા. ૩૫ સુધીની સબસીડી મળવાપાત્ર છે. જે હેઠળ જો કોઈ ખેડૂત ૧૦૦ થી ૫૦૦ રોપા સુધી ચંદનની રોપણી કરે તો પ્રતિ રોપા રૂા. ૩૫ સુધીની સબસીડી મળવા પાત્ર છે. જ્યારે ૫૦૧ થી ૧૦૦૦ રોપાની રોપણીમાં પ્રતિ રોપા રૂા. ૨૦ અને ૧૦૦૦ રોપાથી વધારાની રોપણી કરવી હોય તો પ્રતિ રરોપા રૂા. ૧૫ સુધીની સબસીડી મળે છે. આ ત્રણેય કેટેગરીમાં ત્રણ તબ્બક્કામાં સબસીડી મળે છે. જેમાં રોપણીના ત્રણ મહિનામાં ૬૦ ટકા સબસીડી ખેડૂતને ચુકવવામાં આવે છે. આ બાદ બીજા વર્ષે ૨૦ ટકા સબસીડી અને ત્રીજા વર્ષે બાકીની ૨૦ ટકા સબસીડી ખેડૂતોને ચુકવવામાં આવે છે.

## જેઠમાં સર્જાયેલા અષાઢી માહોલના કારણએ ખેતીમાં વ્યાપક નુકસાન

ઉપરની તસ્વીરમાં હળવદ પંથકમાં વરસાદ વાવાઝોડાના કારણે ઉનાળુ તલના પાકને થયેલ નુકસાન જોઈ શકાય છે. છેલ્લા



પાંચ દિવસથી રાજ્યભરમાં તેજ પવન સાથે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં તલ, મગફળી, બાજરી જેવા ઉનાળુ વાવેતરને નુકસાન થયુ છે. કેરીના પાકમાં વ્યાપક અસર થઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. રાજકોટ સહિતના અમુક માર્કેટયાર્ડોમાં લાખો રૂપિયાનો માલ વરસાદમાં પલળી જવાથી મોટુ નુકસાન થયુ છે. જેઠમાં સર્જાયેલા અષાઢી મોહાલના કારણે વિજળી પડવાથી માનવજાતની સાથે પશુધનની પણ જાનહાનિ થઈ છે. સામાન્ય રીતે પ્રિ-મોનસુન ગતિવિધિના કારમે જેઠ મહિનામાં સામાન્ય ઝાપટા પડતા હોય છે. જ્યારે આ વખતે તેજ પવનની સાથે કરા સાથે ખાબકેલા ભારે વરસાદે ખેડૂતોને ખુલ્લામાં પડેલા કૃ,મિલને સગેવગે કરવાનો જરાય સમય આપ્યો નથી. આ કારમે ખેડૂતોને મોટુ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આથી સરકાર નુકસાનીનો સર્વે કરી ખેડૂતોને સહાય આપવા મટે આગળ આવે એવી માંગ ઉઠી છે.

# વાવણીના વાયરલ મેસેજ બાબતે બાબુભાઈએ પોલીસમાં અરજી કરી

છેલ્લા લગભગ એક સપ્તાહથી વોટ્સએપ અને ફેસબુક ઉપર એક મેસેજ વાયરલ થયેલો છે. ખેડૂતોને સંબોધિને ફરતા થયેલા આ મેસેજમાં ચોમાસુ સિઝનમાં વાવણી કરતા પહેલા રાજ્ય



સરકારના મંત્રી બાબુભાઈ બોખિરિયાને ફોન કરીને કયા પાકની વાવણી કરવી એ બાબતે પુછી લેવાનું ખેડૂતોને જણાવવામાં આવ્યું છે. આ મેસેજમાં બાબુભાઈનો મોબાઈલ નંબર પણ આપવામાં આવ્યો છે. સોશિયલ મિડિયામાં ફરતા થયેલા આ આ મેસેજ બાબતે મંત્રી બાબુભાઈ બોખિરિયાએ પોરબંદર પોલીસ વડાને લેખિત અરજી આપી છે. જેમાં રાજવીર બાપોદરા નામના કોઈ શખ્શે આ મેસેજ વાયરલ કર્યો છે. અને આ કારણએ તેઓને અનેક પ્રકારના ફોન આવતા માનસિક ત્રાસ થઈ રહ્યો હોવાનું બાબુભાઈએ પોલીસ વડાને જણાવ્યું છે. પોરબંદર પોલીસે આ અરજીના અનુસંધાને તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા એક ખેડૂત અને મંત્રી બાબુભાઈ બોખિરિયા વચ્ચે થયેલ ટેલિફોનીક વાતચીતનો ઓયિો વાયરલ થયો હતો. જેમાં ખેડૂત કૃષિ પેદાશના ભાવ ઓછા હોવાની ફરિયાદ કરી રહ્યા હતા. જ્યારે બાબુભાઈએ અણને પૂછીને તમે વાવ્યું હતું એવો જવાબ આપ્યો હતો. આ ઓડિયોના સંદર્ભમાં હાલ બાબુભાઈના નંબર સાથેનો મેલેજ વાયરલ થયો છે.

# ૭૦૦ થી વધુ એગ્રો ડિલરોને ત્યાં દરોડા : રૂા. ૯૦ લાખનો માલ જપ્ત

ખેડૂતોના અજ્ઞાનનો લાભ લઈને કેટલાંક એગ્રો ડિલરો દ્વારા હલકા અને નકલી માલનું વેચાણ થતુ હોવાની ફરિયાદો અવારનવાર ઉઠે છે ત્યારે ગુજરાત કૃષિ વિભાગની ૩૫ થી વધુ ટીમે શુક્રવારે રાજયભરમાં ૭૦૦ થી વધુ એગ્રો ડિલરોને ત્યાં દરોડા પાડ્યા હતા. બિયારણ, ખાતર અને જંતુનાશક દવાનો નકલી અને હલકો માલ વેચતા ડિલરોને ખુલ્લા પાડવા આ કાર્યવાહી થઈ હતી. આ કાર્યવાહીમાં અંદાજે બિયારણ,ખાતર અને જંતુનાશક દવાનો અંદાજે રૂા. ૯૦ લાખનો સંકાસ્પદ માલ જપ્ત કરવામાં આવ્યો હતો. તેમજ ૪૭૮ ડિલરોને નોટિસ પાઠવવામાં આવી હતી. શંકાસ્પદ માલના નમૂના લઈને ચકાસણી કરવામાં આવશે. જેમાં માલ હલકી ગુણવત્તાનો કે નકલી નીકળશે તો ડિલર તેમજ ઉત્પાદક સામે કાર્યવાહી થશે. આ કાર્યવાહીમાં બિયારણ, ખાતર અને દવાનું ઉત્પાદન કરતી ૨૦ જેટલી કંપનીઓમાં પણ દરોડા પાડવામાં આવ્યા છે.



'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો
'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

# ગાય કેન્દ્રિત અને ગ્રામીણ આરોગ્ય યોજના

ડૉ. હિતેશભાઈ જાની (હેડ - પંચકર્મ વિભાગ)
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




**વિશ્વ મંગલમ ગૌ ગ્રામ યાત્રા સ્વાસ્થ્યનો એક સર્વે**

વિશ્વ મંગલ ગૌ ગ્રામ યાત્રા દરમ્યાન ગાય, પંચગવ્ય આધારિત દવાઓ અને સજીવ ખેતી અંગે ભારતના અસંખ્ય ગામડાઓના લાખો લોકોનો પ્રતિભાવ ઐતિહાસિક અને નોંધનીય હતો.

અમારા માટે આ આરોગ્યનો એક ઉત્તમ સર્વે હતો જેમાં, વૈદ્યો, કૃષિ વૈજ્ઞાનિકો, સામાજિક અગ્રણીઓ, ગૌ વિજ્ઞાન ક્ષેત્રના તજજ્ઞો તેમજ હજારો લોકો વિષય પંડિતોની આગેવાનીમાં સાથે રહ્યા હતા. કરોડો લોકો ગૌ માતા અને ભારતીય ગ્રામ યોજનાની આ ક્રાંતિમાં જોડાયા હતા. આ એક ઉત્તમ બદલાવ હતો. લોકો પોતાના સ્વાસ્થ્ય, પર્યાવરણ અને ખેતી માટે ગૌ માતાને સ્વીકારવા તૈયાર થયા છે.

શું રાજ્ય અને કેન્દ્ર સરકાર આ બદલાવ માટે તૈયાર છે ?

**લોકોની રાષ્ટ્રભાવના જાગ્રત થઈ રહી છે.**

આપણે આપણી આરોગ્યની યોજનાઓના માપદંડ ફરીથી તૈયાર કરવા પડશે. તેને આપણે આપણા સામાજિક અને સાંસ્કૃતિક માળખા પ્રમાણે ગોઠવવા પડશે. આ સમયની જરૂરિયાત છે.

**ચાલો આપણે આપણા ઔષધિયોના ખજાનાને બચાવીએ અને સ્વાસ્થ્ય મેળવીએ.**

આપણા દેશમાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તરાંચલ, હિમાચલ પ્રદેશ, આસામ તેમજ પશ્ચિમ તેમજ પૂર્વીય ઘાટમાં પુષ્કળ પ્રમાણમાં ઔષધિયો મળી આવે છે.

વિશ્વ મંગલ ગૌ ગ્રામ યાત્રા દરમિયાન આપણા દેશના ઉત્તર પૂર્વીય પ્રાંત જેમ કે આસામ, મણીપુર, મેઘાલય તેમજ મધ્યપ્રદેશના પહાડો અને જંગલોનો અભ્યાસ કરતાં હું એવું દ્રઢ પણે માનું છું કે આપણો દેશ એ સમગ્ર દુનિયાને શ્રેષ્ઠ ઔષધિઓ આપી શકે તેમ છે. જે આરોગ્યની એક ભેટ ગણાશે.

**વિશ્વનું હર્બલ પ્રોડક્ટનું બજાર આશરે ૫૦ હજાર રોડ રૂપિયાનું છે.**

વિશ્વનું હર્બલ પ્રોડક્ટનું બજાર આશરે ૫૦ હજાર કરોડ રૂપિયાનું છે. પરંતુ કમનસીબે આ બજારના ફક્ત ૪ ટકા રકમ જ ભારત કમાણી કરી શકે છે. જ્યારે ચીન આ બજારના ૭૯ ટકા રકમ ખેંચી જાય છે. આ ઉપરાંત કોરિયા જેવા નાના દેશો પણ ૧૦ ટકા રકમની કમાણી રે છે.

કારણ કે આ બધા દેશોએ પોતાના દેશની આરોગ્યની યોજનાઓ પોતાની સંસ્કૃતિ પ્રમાણે બનાવેલ છે. તથી તે વિશ્વના વિકસિત દેશોની હરોળમાં ઊભા રહે છે.

**પરંતુ આપણું ભારત ???**

આપણે આપણી અજ્ઞાનતાને કારણે પ્રકૃતિ, ગાય અને ગ્રામ્ય બંધારણનો નાશ કરતા જઈએ છીએ, આપણે બદલાવું પડશે.

**રોગમુક્ત ગામ - સ્વાસ્થ ગામ**

આપણે જામનગરના લાલપુર તાલુકાના ઈશ્વરીયા ગામ જેવા પ્રયોગો કરવા પડશે. આપણે ફરીથી સરળ અને ઉત્તમ સ્વાસ્થ્ય યોજનાઓ બનાવવી પડશે. આપણે ફરીથી ગાયને આપણા પરિવારના એક ભાગ તરીકે સ્વીકારવી પડશે. નાબાર્ડ અને અન્ય ગ્રામ્ય બેંકોએ આ યોજનાની શરૂઆત કરવી પડશે. આપણે દરેક ગામમાં ગૌશાળા, ગાયની ઉત્તમ સંતતિ માટેના કેન્દ્રો શરૂ કરવા પડશે. અને તેને વિકાસના કેન્દ્રો તરીકે ઉભા કરવા પડશે. આ બાબતના પ્રયોગો દેશભરમાં શરૂ થઈ ગયા છે. આ યાત્રા દરમ્યાન આપણે આ કાર્ય કરવું પડશે. આપણે આ બન્નેનું સંયોજન કરવું પઢશે. આપણે એક અનોખી પદ્ધતિ તૈયાર કરવી પડશે.

**આપણે આરોગ્યના પિરામિડની આકૃતિ બદલવી પડશે.**

(આપણે ગ્રામથી... દેશ તરફનો વિચાર ઉભો કરવો પડશે.)

**ગ્રામ્ય કક્ષાએ...**

● એક ગાય અને દરેક પરિવારમાં ગાય આધારિત ખેતી ● ગૌશાળાનું નિર્માણ અને ગાયની ઉત્તમ સંતતિ માટેના કેન્દ્રો ● નંદી ગૃહ ● ગૌ વિજ્ઞાન કેન્દ્ર અને પંચગવ્ય મેડિસિન ઉત્પાદનના એકમો.

**મંડળ કક્ષાએ...**

● ગૌમૂત્ર અર્ક અને ઓર્ગેનિક પ્રોડક્ટ ● ગાયના ઘી અને ગાયના દૂધના માર્કેટીંગ અને વેચાણના કેન્દ્રો.

તાલુકા કક્ષાએ...

● જથ્થાના હિસાબનું કેન્દ્ર અને સલાહ કેન્દ્ર ● નંદી વહેંચાણનું કેન્દ્ર

જિલ્લા કક્ષાએ....

● પંચકર્મ અને પંચગવ્ય સારવાર કેન્દ્રો ● પંચગવ્યના ઉત્પાદન માટેનું બજાર ● ઔષધિયોનું માર્કેટિંગ ● ગૌ વિજ્ઞાન શિક્ષણ કેન્દ્ર.

રાજ્યકક્ષાએ...

● સંશોધનનો મહત્વ આપવું જોઈએ. ● ગોબર ગેસ અને ગૌવંશની ઉર્જા આધારિત વાહનો અને અન્ય સાધનો માટેના પ્રાયોગિક કેન્દ્રો. ● જટિલ રોગોના ઉપચાર માટે પંચગવ્ય અને પંચકર્મના સંશોધન કેન્દ્રો ● ઔષધિની ખેતી, સંગ્રહ અને વિતરણ વ્યવસ્થા ● ગૌ આયુર્વેદ, ગૌ વિજ્ઞાન અને કૃષિ આયુર્વેદના અભ્યાસ અને સંશોધન માટે શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજો.

રાષ્ટ્રીય કક્ષાએ (મંત્રાલયો)...

● કૃષિ વિભાગ ● જંગલ અને પર્યાવરણ વિભાગ ● આયુર્વેદ વિભાગ ● પશુપાલન વિભાગ ● કૃદરતી ઉર્જા વિભાગ

આ ઉપરાંત ફઈફછ અને દ્રછમ્છઈફ તેમજ ગ્રામીણ બેંકોને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જોડતી યોજનાઓ. આપણે દરેકની જવાબદારી અને ભૂમિકા નક્કી કરવી પડશે.

**આપણે આપણી વિચારધારા અને અભિગમ બદલવા પડશે.**

ગો વિજ્ઞાન અને કૃષિને ફરીથી આપણા અર્થતંત્રનો પાયો બનાવવો પડશે. ગાયને આપણા પરિવારનો એક ભાગ બનાવવો એ પાયાની બાબત છે. દરેક રાજ્યોએ આ કાર્ય વ્યવસ્થિત રીતે થાય તેની જવાબદારી લેવી પડશે. રાજ્યકક્ષાએ દેખરેખ માટેની વ્યવસ્થા ગોઠવવી પડશે. વ્યવસ્થા પર કાબુ રાખવા સેટેલાઈટ અને ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડશે. આપણે એ ધ્યાને રાખવું પડશે કે ગ્રામ્ય અને શહેરી પદ્ધતિ વચ્ચે તાલમેલ રહે.

PURA (Provided urban facility to rural area ) નો વિચાર પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે આપેલ છે જેનો ગહન અભ્યાસ અને તેનો જરૂરી ફેરફાર સાથેનો અમલ કરવો જોઈએ.

**ભારતીય બંધારણનો પહેલો ભાગ એ ગાયના કતલખાના પર પ્રતિબંધનો હોવો જોઈએ.**

*—પંડિત મદન મોહન માલવિયા*

## પંચમહાલ જીલ્લા માં ભા.કિ.સંઘ દ્વારા પડતર પ્રશ્નોનો નિકાલ, રેલી તથા આવેદન પત્રનો કાર્યક્રમ યોજાયો

**જીલ્લા - પંચમહાલ**

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની યોજના મુજબ પંચમહાલ જીલ્લા ભારતીય કિસાન સંઘે પંચમહાલ જિલ્લાના કિસાનો વતી ગોધરા મુકમે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સ્થલે સમગ્ર ખેડૂતોની ઉપસ્થિતિમાં તેમજ ગુજરાત પ્રદેશના શ્રી લાલભાઈ ડી. પટેલ પ્રતિનીધી ગુજરાત પ્રદેશની ઉપસ્થિતીમાં ખેડૂતોને મુંઝવતા કેટલાક પ્રશ્નો જેવા કે દરેક ખેતરોને સમાન દરથી સિંચાઈનું પાણી મળે, ખેડૂતોના ખેત ઉત્પાદન જેવાકે ઘઉં, ડાંગર, મકાઈ, બાજરી, કપાસ, દિવેલા વિગેરેના ઉત્પાદનના કુલ ખર્ચા ઉપરાંત ૧૫ ટકા નફા સાથે પોષણક્ષમ ભાવ મેળવવા અને તેનાં ખરિદ કેન્દ્રો દરેક ગ્રામ કક્ષાએ શરૂ કરાવવા.

વીજ ચેકીંગને સમાધાન યોજનામાં ખેડૂતને વિકલ્પ આપવા, વડા પ્રધામ ફસર યોજના - પાક વિમા યોજનાનું પ્રિમિયમ મરજીયાત કરવા તથા જેઓનું પ્રિમિયમ ભરાયેલ છે તે પાક વિમો મંજુર કરી આપવા, રોઝ - ભૂંડથી ખેત ભેલાણ કરતા પરિબળો માંથી મુક્તિ અપાવવા / નુકશાનીનું વળતર અપાવવા, જમીનોની ચાલતી રી - સર્વેની કામગીરીમાં ની તૃતીય દુરસ્ત કરવા, નર્મદા / પાનમ કેનાલના પાણીનો ખેડૂતોને ખેતી માટે ઉપોયગ કરવા દેવા, નર્મદાના નીરને તળાવો ભરવા તથા પાનમ ડેમમાં નોંધવાની યોજના બનાવવા. જંગલોની જમીનના પ્રશ્ન ઉકેલવા તેમજ બિયારણોમાં ખેડૂતો સાથે ચાલતી વેર રીતી નાબુદ કરવા માટે રેલી જોયાઈ. સભામાં ભા.કિ.સંઘના સંગઠન બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

ગુજરાત પ્રદેશ ગાંધીનગર થી શ્રી મણીભાઈ પટેલ બા.કિ.સંઘ પંચમહાલ જીલ્લા પ્રમુખ સોલંકી નરવરસંહ ભુપતસિંહ ઉપપ્રમુખ હસમુખભાઈ જી. પટેલ, પ્રચાર પ્રમુખ યોગેશભાઈ કા. પટેલ, શહેર, ગોધરા, કાલોલ, ધોંઘબા, હાલોલ, મોરવા હ. જાંબુઘોડા તાલુકાના ભા.કિ.સંઘના કાર્યકર્તાઓ જિલ્લાના તમામ તાલુકાઓના કિસાનો મોટી સંખ્યામાં જોડાઈ ભાગ લીધો. કિસાનોને સ્પર્શતાઓને સરકારશ્રી ગંભીરતાથી નહીં લેતા ગાંધીનગરમાં ગુજરાત ભરના ખેડૂતો ઉમટી પડી વિરાટ રેલી કાઢી. કલેક્ટશ્રીને પંચને આવેદન પત્ર આપ્યું હતું.

લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'**
**'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**
● શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ ● અનામતો : રૂા.૪.૨૩ કરોડ ● થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
● ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ ● ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ ● નેટ એન.પી.એ. : 'શૂન્ય'
● સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**
● શૈક્ષણિક માર્ગદર્શન ● કારકીર્દી માર્ગદર્શન ● વ્યવસાયી માર્ગદર્શન,
● રાષ્ટ્રી તહેવારોની ઉજવણી ● સભાસદ કલ્યાણ યોજના
● ગ્રામીણ વિકાસ પ્રકલ્પ ● મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**
(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ. (૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથાૈં જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**
(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**
જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| **હરસુખભાઈ પંડ્યા** | **નંદકિશોરભાઈ ગરાચ** | **છગનભાઈ પેથાણી** |
| *ચેરમેન* | *વાઈસ ચેરમેન* | *વાઈસ ચેરમેન* |
| **મનહરભાઈ સુચક** | **નરેન્દ્રભાઈ ભુત** | **સમીરભાઈ જોષી** |
| *મેનેજીંગ ડીરેક્ટર* | *જો. મેનેજીંગ ડીરેક્ટર* | *જનરલ મેનેજર* |

# ભારતીય કિસાન સંઘ ગાંધીનગર જીલ્લા દ્વારા કલેક્ટરને અપાયેલ આવેદનપત્રના મુદ્દાઓ...

## જીલ્લા - ગાંધીનગર

**(૧) વડાપ્રધાન કૃષિપાક વિમા યોજના:**
નવી સુધારેલી પાક વિમા યોજના સરકાર દ્વારા લાવવામાં આવેલ છે. જે ફરજીયાત નહિં પણ મરજીયાત હોવી જોઈએ. વિમો એ સરકાર તથા ખેડૂતના નાણાંનો વ્યય છે. ફક્ત વિમા કંપની અને તેના એજન્ટોને નાણાં એકત્ર કરવાની યોજના ગણી શકાય. આપણી ભોગોલીક રચના, વ્યવસ્થા તંત્ર વિગેરે જોતાં સરકારની અપેક્ષા જે હોય તે ખેડૂતોને તેના લાભ મળવા સંભવ નથી.

**(૨) પોષણક્ષમ ભાવ :**
પાછળના ઘણા વર્ષોથી ખેડૂત દ્વારા સંગઠનના માધ્યમથી ખેતીના તમામ પાકોના પોષણક્ષમ ભાવ (એમ.એસ.પી.) ૧૫ ટકા નફા આધારિત મળવા જોઈએ. એવી માંગણી કરવામાં આવે છે. એમ.એસ.પી. પ્રમાણે ખરીદ વ્યવસ્થા તંત્ર ગ્રામ્ય સ્થળ પર ગોઠવાય તેવી ખેડૂતોની માંગણી અને લાગણી છે.

**(૩) ગામડાના તળાવ પાણીથી ભરવા :**
જિલ્લાના માણસા, કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના સિંચાઈ માટે ચોમાસાનું ફાજલ પાણી તળાવમાં ભરાય અને રીચાર્જ કરવાની વાત છેલ્લા ઘણા વર્ષોથી કરવામાં આવે છે. સુજલામ - સુફલામ કેનાલમાં પણ પુરાત પ્રમાણમાં પાણી વહન કરવામાં આવતું નથી. ચોમાસામાં નદી સાથે કનેક્ટ કરી નહેરમાં કેમ પાણી વહેવડાવવામાં આવતું નથી. તેનો જવાબ આજ સુધી મળતો નથી.

**(૪) કૃષિ જોડાણ :**
કલમ - ૧૨૬ / કલમ - ૧૩૫ ના પ્રોવિઝન બિલોની કાયદેસરતા ચકાસીને રદ્દ કવા જોઈએ. ખેડૂતોને બિનઅધિકૃત બિલો આપવામાં આવે છે. ખેડૂતોની અજ્ઞાનતાનો લાભ લઈ અધિકારી વર્ગ દ્વારા કંપનીને નાણા એકત્રીકરણની યોજના ગણી શકાય.

**(૫) પશુ-પાલન પ્રવૃત્તિ :**
ખેતીપૂરક પ્રવૃત્તિ એટલે ખેતી વિહિન પરિવારનો જીવન નિર્વાહ છતાં પણ સરકારી સંઘો દ્વારા તથા સરકારી હેમનજરથી ગ્રાહક વર્ગને સસ્તું દૂધ ઉપલબ્ધ કરવાની વિચારસરણીને કારણે ઉત્પાદકોને દૂધના ભાવ મળતા નથી. દૂધના ટેકાના ભાવ નિશ્ચિત કરવા જોઈએ.

**(૬) સમાન ટેરીફ :**
કૃષિ જોડાણમાં ખેડૂતોની સમાનતા જાળવવા એક જ (હો.પા.) ટેરિફ અપવાનો જોઈએ. જુદા જુદા ટેરીફથી ખેડૂત વચ્ચે અસમાનતા ઉભી થયેલ છે. ઉત્પાદનના ખર્ચના આંક પણ જુદા જુદા આવે છે. નહેરથી અપાતા પાણી અને ખેડૂત જાતે સિંચાઈ વ્યવસ્થા ખર્ચની અસમાનતાં વિચાર કરવાની આવશ્યક્તા ઉભી થયેલ છે.

**(૭) પાક ધિરાક યોજના :**
કૃષિ પાક ધિરાણ આપીને ખેતીને પ્રોત્સાહન આપવા બેંકો દ્વારા સરકારના આદેશતી પ્રયત્નો થઈ રહેલ છે. ખૂબ જ મોટા પ્રમાણમાં બેંકો દ્વારા ધિરાણ કરવામાં આવેલ છે. બેંકો સેવાના ધ્યેયને ભૂલીને વેપારી બની ગયેલ છે. સરકારના આદેશ જોગવાઈની દરકાર કર્યાવિના ખેડૂતોનું સોષણ કરવામાં આવે છે. પ્રોસેસીંગ ચાર્જ ઈન્સ્પેકશન ચાર્જ, એડ્વોકેટ ફી, હાઈપોથીફીકેશન, દંડનીય વ્યાજ, યોજનાના ફાયદા કરતાં ગેરફાયદા વધારે ખેડૂતોને દેવાદાર બનાવવાની યોજના છે.

**(૮) મહેસુલી જોગવાઈ :**
મહેસુલી જોગવાઈ અને નીતિઓનો અધાર બનાવી અધિકારી વર્ગ દ્વારા ખેડૂતોનું શેષણ થાય છે. મોટા ભ્રષ્ટાચારને અવકાશ આપવામાં આવે છે. સરકાર આ બાબતથી અજાણ ન હોઈ શકે. આંખ આડા કાન કરીને અધિકારીને પ્રોટેકશન પુરુ પાડવામાં આવે છે. મહેસુલી જોગવાઈ સરળ બનાવવી જોઈએ. ગ્રામ્ય સ્થળ પર તેની કામગીરી થવી જોઈએ.

**(૯) એકત્રીકરણનો કાયદો :**
એકત્રીકરણો કાયદા અગાઉ ભુતકાળમાં લાવવામાં આવેલ. જેનાથી સમગ્ર મહેસુલી રેકર્ડ અસ્તવ્યસ્ત કરી દીધેલ છે. મોટા બ્લોક બનાવવાની ખ્વાઈશથી નાના ખેડૂતોની જમીન ગમે તે પદ્ધતિ અપનાવી બીજા ખેડૂતોના નામે (થર્ડ પાર્ટી) કરી દીધેલ છે. કામગીરી પૂર્ણ કરેલ નથી. તો મુળ સ્થિતિ લાવવા મહેસુલી વિભાગે ચિંતા કરવાની જરૂરી છે. સરકારની રેકર્ડની શુદ્ધીકરણની અપેક્ષા એકત્રીકરણ માટે આપેલ અસરો ભુખ્યા સિવાય શક્ય નથી. ખેડૂતોનું શોષણ થઈ રહેલ છે. સીધીલીટીના વારસદારો આજે આડીલીટીના વારસદારો બની ગયેલ છે. અને મોટી જંત્રી વસુલ કરવામાં આવે છે.

(૧૦)દહેગામ તાલુકાને દૂધના મુદ્દે મધુર ડેરી સાથે જોડવામાં આવશે.

(૧૧)જિલ્લાના ભૂગર્ભતળ ખૂબ જ નીચાં ગયેલ હોઈ જિલ્લાનો તળાવોને તાત્કાલિક ભરવાનું આયોજન કરવું.

# કચ્છ જિલ્લા જાહેર સભા - રેલી અને આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉમટી પડીએ અને આપણી અવાજને બુલંદ બનાવીએ

## જીલ્લા - કચ્છ

આપણે સૌ જાણીએ છીએ કે સંગઠન દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી પ્રારંભનાં ઐતિહાસિક આંદોલનથી આજ સુધી આપણા અનેક પ્રાણપ્રશ્નોને વાચા આપવા સતત અને અનેક કાર્યક્રમોને નિમિત બનાવીને સંક્રિય પણે પ્રયાસો કરી રહ્યા છીએ આજ ક્રમમાં આપણી નીચે મુજબની સમસ્યાઓ માટે પુનઃ કિન શક્તિનું જાગરણ કરીને આપણા સંગઠનની એકતા માટે આપણા જીલ્લાની જાહેર સભા - રેલી અને આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉમટી પડીએ અને આપણી અવાજને બુલંદ બનાવીએ :

(૧) હરખેત કો પાની સમાન સિંચાઈ દરથી સમગ્ર રાજ્યના કિસાનોને મળે તેવું આયોજન કરવું.

(૨) તમામ પાકોની પડતર કિંમત ૧૫ ટકા નફો સાથે નક્કી કરીને ગ્રામ્ય સ્તર પર ખરીદીનું આયોજન કરવું.

(૩) વીજ અન્ય નિયમનની કલમો ૧૨૬/૧૩૫ હેઠળ આડેધર ચેકીંગ બંધ કરવું તમામ એકમથી ઉભા કરેલા વીજ ચોરીના દંડનીય બીલો માટે સમાધાન યોજના લાગુ કરવી અને કોઈપણ વીજ ચેકીંગ બાદ કૃષિ વીજ ગ્રાહકને ૩૦ દિવસનો સમય આપી વિકલ્પ આપ્યા પછી જ બીલ આપવું.

(૪) વડાપ્રધાન પાક વિમા યોજના કોઈપણ સંજોગોમાં મરજીયાત કરવી.

(૫) રોઝ - ભૂંડ સહિતના ખેતીમાં ભલાણ કરતા પરિબળોમાંથી મુક્તિ આપવી આ પ્રકારે થતા નુકશાનીનું વળતર આપવું.

(૬) જમીનોની ચાલી રહેલી રી સર્વેની કામગીરીમાં મોટા પ્રમાણમાં થયેલા નુકસાનની ભુલોને તત્કાલ સુધારણા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવી.

(૭) ફરજીયાત વર્ષ દરમ્યાન પાણી પત્રક કરવું અને સાચી હકીકત દર્શાવવી.

(૮) સીનીયર સીટીઝન ખેડૂતને પેનશન યોજના લાગુ કરવી ખાતેદાર ખેડૂત માટે લાગુ કરવી.

(૯) પાક રક્ષણ માટે તાર ફેન્સીંગ વ્યક્તિગત ધોરણે કરી આપવા બાબત.

(૧૦) ઓનલાઈન અરજી ખેડૂત સહાયે માટે કાયમી ચાલુ રાખવા અને ઝડપી નિકાલ કરવો.

(૧૧) ગત સાલે કચ્છ જિલ્લામાં અપુરતા વરસદાથી નબળુ પાક ઉત્પાદન થયેલ હોઈ પાક વિમો આપવો.

(૧૨) ખેડૂતોનું આધુનિક બળદ ગાડા તરીકે ઉપયોગ આવતા ટ્રેક્ટર ટ્રોલીને ટેક્ષમાંથી મુક્તિ આપવી.

(૧૩) મીટર પદ્ધતિથી ખેડૂતોને બીલોમાં ગેર કાયદેસર રીતે પી.જી.વી.સી.એલ. દ્વારા આપવામાં આવતો ફીક્સ ચાર્જ રદ કરવો.

(૧૪) કચ્છને નર્મદાનું ફાળવેલ પાણી વહેલી તકે ખેતી સુધી પહોંચાડવા અને ગ્રાંટ ફાળવવામાં આયોજન કરવું.

(૧૫) નખત્રાણા અને લખપતનો એ.પી.એમ.સી. પ્રશ્ન ૨૦ વર્ષથી અટવાયેલો છે. તે વહેલી તકે એ.પી.એમ.સી. માર્કેટના પ્રશ્નનું નિરાકરણ કરવું તથા ઓજારની દાસ ચારા માર્કેટ તતા કચ્છની તમામ એ.પી.એમ.સી. ચાલુ કરવી.

(૧૬) ખેડૂત ને કોઈપણ કૃ,ધિરાણ ઓછા વ્યાજે મળવું જોઈએ.

(૧૭) ખોટી રીતે સરત ભંગ કરવામાં આવેલી જમીન હાલ જે કબ્જેદાર છે તેને મળવી જોઈએ.

(૧૮) રાસાયણિક ખાતર સીધા ખાતામાં સબસીડીની વિસંગતા દુર કરવી.

(૧૯) વર્તમાન સમયમાં કચ્છ જીલ્લાની ભૌગોલીક પરીસ્થિતી જોતા જેમ પરવન ચક્કી માટે ૨૦ વર્ષના ભાડા પેટે જમીન ફાળવવામાં આવે છે તેમ ફળ - ઝાડ માટે ખેડૂતોને સરકારી - પડતર જમીન ફાળવવામાં આવે અ" આના માટે ના નીતિ નિયમ સરળ કરવામાં આવે અને ભૂતકાળમાં ખેડૂત ખાતેદારોની લાગુ જમીન (૨) ગુઠામાં પાસ કરવા આવતી તેમ વર્તમાન સમયમાં પાસ કરવામાં આવે તો કચ્છમાં હરીયાળી ક્રાન્તી થાય અને ફળ-ઝાડના વાવેતરથી વરસાદ પણ સારો થાય.

(૨૦) છેલ્લા કેટલાક વર્ષોથી જે કૃષી મેળા કૃષી રથ પાછળ બેફામ ખર્ચ થાય છે. તે અટકાવવા અને કૃષિ યુનિવર્સીટીની જે નહિવત કામગીરી છે તે પણ ખુબજ નિરાશા જનક છે તેને સક્રિય કરવી જરૂરી છે.

ઉપર મુજબના પ્રશ્નોને લઈને તા. ૩૦-૫-૨૦૧૭ના મંગળવાર સવારે ૯ થી ૧ ના કલેક્ટરશ્રીને આવેદન પત્ર તથા સભાનું આયોજન કરવામાં આવેલ છે. સ્થળ પ્રિન્સ રેસીડેન્સીની સામે મીરજા પર હાઈવે ભુજ કચ્છ જીલ્લા સંયોજક વિઠ્ઠલભાઈ દેવજી ભીમાણી સહયોજક લક્ષ્મણ લાલજી વરસાણાની યાદીમાં જણાવવામાં આવે છે.

મુખ્ય વક્તા તરીકે માન. મગનભાઈ પટેલ રાષ્ટ્રીય કાર્યકારણી ઉપસ્થિત રહેશે અને દિપ પ્રાગટ્ય સ્વામીનારાયણ મંદિરના સંતોની હાજરીમાં થશે સભા અને રેલીમાં ૭૦૦૦ ની સંખ્યાનો અંદાજ છે.

# મહિસાગર જીલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા રેલી સભા અને કલેક્ટરને આવેદનપત્ર અપાયું...

**જીલ્લા - મહિસાગર**

ગ. તા. ૨૯ મે ના રોજ ભા.કિ. સંઘ ગુ.પ્ર.ની યોજના મુજબ જીલ્લાના કિસાનોની સમસ્યાઓ માટે તમામ તાલુકામાંથી મોટી સંખ્યામાં કિસાનો બાવન પાટીદાર સમાજ ઘર ખાતે એકત્ર થયાં હતાં જ્યાં યોજાયેલી સભામાં કાર્યકર અંબાલાલભાઈ દ્વારા કિસાનગીત ગાવામાં આવેલ ત્યારબાદ સભાનું સંચાલન કરતાં પ્રદેશ પ્રતિનિધિ શ્રી એલ.ડી. પટેલ દ્વારા સૌનો પરીચય અને સ્વાગત કરીને કાર્યક્રમની ભૂમિકા આપી હતી. જીલ્લાના મંત્રીશ્રી હીરાભાઈ પટેલ દ્વારા આવેદનપત્રનું વાંચન કરીને પૂરક માહિતી આપી હતી. સભામાં ઉપસ્થિત પ્રદેશ મહામંત્રીશ્રી બી.કે. પટેલ તથા અરવલ્લી જીલ્લા પ્રદેશ પ્રતિનિધી શ્રી મણીભાઈ પટેલે સંબોધન કરતાં કિસાનોની સમસ્યાઓ માટે લેવા પડેલ કાર્યક્રમ - સરકાર સાથે ચાલતી ગતિવિધી નવીન પરીપત્રોની માહિતી, લેન્ડ રેકર્ડની ભૂલો, વિજળીનાં જોડાણોની ચેકીંગ પ્રક્રિયાનો વિરોધ કરીને નવીન સર્વે લોડ વધારા યોજનાની જાહેરાત કરી માર્ગદર્શન આપ્યું હતું. આભાર વિધી જીલ્લા પ્રમુખ મણીભાઈ પટેલે કરી સૌનો આભાર માન્યો હતો.

ત્યારબાદ તમામ કિસાનો કતારમાં શિસ્ત બદ્ધ રીતે રેલીના સ્વરૂપમાં માઈક સાથે સૂત્રો પોકારતાં કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. અ" કલેક્ટરશ્રી ડૉ. એસ.ડી. ડોડીયાને મુખ્ય પદાધિકારીઓ દ્વારા આવેદન પત્ર આપીને મુખ્ય બાબતોની ચર્ચા કરી હતી. અને માન. કલેક્ટરશ્રીએ સંહયોગની ખાત્રી આપી પ્રશ્ન ઉપર કક્ષાએ મોકલી આપવા જણાવ્યું હતું.

# ૧લી જૂનના રોજ જૂનાગઢ ખાતે તમામ તાલુકાના કિસાનોની હાજરીમાં જૂનાગઢ કૃષિ યુનિ.ના કેમ્પસમાં સભા બાદ રેલી દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું.

**જીલ્લા - જૂનાગઢ**

કૃષિ યુનિ. નો દરવાજો સભા માટે સાત વર્ષે ખોલવામાં આવ્યો. - મા.જીલ્લા કલેક્ટશ્રી રાહુલ ગુપ્તા દ્વારા બહાર કિસાનોની વચ્ચે આવીને આવેદનપત્ર સ્વીકાર્યું.

જૂનાગઢ જિલ્લાની યોજનાના આદેશ અને અપીલથી ગત ૧-૬ ના રોજ કૃષિ યુનિવર્સિટી મોતીબાગ પેલેસ ખાતે જિલ્લાના કિસાનો ઉમટી પડ્યા હતા. સભાનું સંચાલન જીલ્લામંત્રી ચંદુભાઈ ઢેબરીયાએ અને આવેદનપત્રનું વાંચન જીલ્લા પ્રમુખ કોષા. એડવો. ગોવિંદભાઈ પ્રદેશ પ્રતિનિધિ ઉકાભાઈ પટોળીયા, પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા, મહામંત્રી બી.કે.પટેલ વગેરેએ કિસાનોની દુર્દશા અંગે વ્યાપક પરિસ્થિતિનું વર્ણન કરી હવે તમામ ગ્રામ-તાલુકા જીલ્લા સમિતીઓને સક્રીય થઈ જઈને કામે લાગી જવું પડે જેમ જણાવ્યું હતું. ત્યાર બાદ રેલી સ્વરૂપે તમામ કિસાનોનો કલેક્ટર કચેરીએ પહોચ્યા હતા.જ્યાં કલેક્ટરશ્રી રાહુલ ગુપ્તા સા. કિસાનોની લાગણીઓ ને સમજીને ઓફીસ છોડી પયાંગણમાં ની આવીને આવેદનપત્ર સ્વીકાવ્યું હતું અને જીલ્લા કક્ષાના પ્રશ્નો ઉકેલવા જીલ્લા કક્ષાએ પ્રયાસ કરાશે અને અન્ય પ્રશ્નો ઉચ્ચ કક્ષાએ મોકલી આપવા ખાતરી આપી હતી. ત્યારબાદ કાર્યક્રમ કિસાન નારાઓ સાથે સંપન્ન થયો હતો.

**પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તથા મહામંત્રી બી.કે. પટેલ રહ્યા હાજર...**

# ભારતીય કિસાન સંઘ ભરૂચ જીલ્લાના જિલ્લા કિસાનોની સભા રેલી અને કલેક્ટરને આવેદન પત્ર....

**જીલ્લા - ભરૂચ**

(૧) "હર ખેત કો પાની સમાન સિંચાઈ દર" થી સમગ્ર રાજયના કિસાનોને મળે તેવું આયોજન કરવું.

(૨) તમારા પાકોની પડતર કિંમત ૧૫ ટકા નફા સાથે નક્કી કરીને ગ્રામ્ય સ્તર પર ખરીદીનું આયોજન કરવું.

(૩) વીજ અધિનિયમની કલમો ૧૨૬/૧૩૫ હેઠળ આડેધડ ચેકીંગ બંધ કરવું. તમામ એકપક્ષીય ઉભા કરેલા વીજચોરીના દંડનીય બીલો માટે સમાધાન યોજના લાગુ કરવી અને કોઈપણ વીજ ચેકીંગ બાદ કૃષિ વીજ ગ્રાહકને ૩૦ દિવસનો સમય આપી વિકલ્પ આપ્યા પછી જ બીલ આપવું.

(૪) વડાપ્રધાન પાક વિમા યોજના કોઈપણ સંજોગોમાં મરજીયાત કરવી.

(૫) રોઝ-ભૂંડ સહિતના ખેતીમાં ભેલાણ કરતા પરિબળોમાંથી મુક્તિ આપવી. આ પ્રકારે થતા નુકશાનીનું વળતર આપવું.

(૬) જમીનોની ચાલી રહેલી રી સર્વેની કામગીરિમાં મોટા પ્રમાણમાં થયેલી નામ - ક્ષેત્રફળ - નકશાની ભૂલોને તત્કાલ સુધારણા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવી.

(૭) ૧૨૨ કલાક લાઈટ વીજ પુરવઠો પુરો પાડવો.

(૮) ઔદ્યોગિક પોલ્યુશનના કારણે છેલ્લા પાંચ વર્ષથી ખેતીના પાકને નુકસાન થયેલ હોવાના યોગ્ય વળતર મળવાપાત્ર.

(૯) ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસના કારણે પાણી, ઓઈલ, ગેસ વગેરે જમીનમાં જે પાઈપલાઈન આવે છે. જેના નુકસાનનું વળતર યોગ્ય પ્રમાણમાં એક સરખુ આપવું.

# ભારતીય કિસાન સંઘ વલસાડ જિલ્લા દ્વારા યોજાઈ કિસાનોની સભા રેલી અને કલેક્ટરને આવેદન પત્ર....

**જીલ્લા - વલસાડ**

ગુજરાત પ્રદેશ ની યોજના અંતર્ગત વલસાડ જીલ્લા શાખા દ્વારા તા. ૫ જૂનના રોજ એ.પી.એમ.સી. માર્કેટયાર્ડ ખાતે સવારે ૧૦-૩૦ કલાકે તમામ તાલુકાઓ માંથી કિસાનો એકત્ર થયા હતા જ્યાં સૌએ કેશરી પટ્ટી ધારણ કરી "હમ અપના અધિકારી માંગતે નહીં કીસીસે ભીખ માંગતે" વિગેરે કિસાન નારાઓ સાથે માર્કેટ યાર્ડમાં નાદ ગુંજી ઉઠ્યો હતો ત્યાર બાદ રેલી સ્વરૂપે કિસાનો કલેક્ટર કચેરી તરફ કૂચ કરી ગયા હતા. જ્યાં સભા યોજાઈ હતી જેને પ્રદેશ મહામંત્રી બી.કે. પટેલ દ્વારા કિસાનોની સમસ્યાઓ અંગે યોજાયેલા ગુજરાત વ્યાપી જીલ્લા મથકોએ થઈ રહેલા કાર્યક્રમો અંગે જાણકારી આપી સંગઠન દ્વારા ચાલતી ગતિવિધીથી વાકેફ કર્યા હતા. જીલ્લામાં તમામ તાલુકાઓમાં સગઠનને મજબૂત કરીને આગામી સમયમાં જરૂર પડ્યે ગુજરાતભરના કિસાનોનું ગાંધીનગરમાં શક્તિ પ્રદર્શન કરવા તૈયાર રહેવા જણાવ્યું હતું - જીલવ્લા પ્રમુખશ્રી શશીકાન્તાભાઈએ આવેદનપત્રનું વાંચન કર્યું હતુ. કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષ દિલિપભાઈ લાડ અને પ્રદેશ પ્રતિનિધી કિશોરભાઈ પટેલ, જીલ્લામંત્રી તમામ જીલ્લા તાલુકાના કાર્યકરો સહિત કિસાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમને અંતે પ્રતિનિધિઓ દ્વારા નાયબ કલેક્ટરશ્રી કમલેશ બોર્ડને આવેદનપત્ર આપી વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ શાંતિથી પ્રશ્ન અંગે જાણકારી મેળવી ઘટતું કરવા ખાત્રી આપી હતી.

## સાબરકાંઠા જીલ્લા ભા.કિ.સંઘ દ્વારા... અનુ. પાના ૧ નું ચાલુ

માંગ કરી. આપણી ખાસ માંગણીઓ હર ખેત કો પાની - સમાન સિંચાઈ દરથી પોષણક્ષમ ભાવ - ખેત ઉત્પાદનની સાચીર પડતર કિંમત + ૧૫ ટકા નફા સાથેનો ભાવ ખરીદવાની વ્યવસ્થા સરકાર કરે. લોકશાહીના ચાર પાયા (૧) વિધાન પાલિકા (૨) કર્મચારી પાલિકા (૩) ન્યાય પાલિકા (૪) પત્રકાર પાલિકા - સર્વે દુષિત છે. જેથી લોકોને જોઈએ તેવો લાભ મળતો નથી. સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાં - પગાર નિયમિત પણે વધતાં જ જાય છે. ઉદ્યોગો પોતાની પ્રોડક્ટ્સના ભાવ પડતર કિંમત ઉપર નફો ચડાવીને વેચે છે. જ્યારે કિસાનોને શું મળે છે કિસાનોને મોંઘવારી નડતી જ નથી ? ખેતીનાં ઓજારો, વિચારણો, જંતુનાશક દવાઓ, મજૂરી વિગેરે સર્વેના ભાવ વધે જ જાય ચે. તેથી સામે ખેત ઉત્પાદનના ભાવ ઘટે જ જાય છે. ખેડૂતની દશા સૂધરે જ કેમ ? અંતે આપઘાત કરવાનો વારો આવે છે.

વિગેરે ખૂબ માહિતી વિગતવાર આપી. સૌ કિસાનોને માહિતગાર કર્યા. આ બધી સમસ્યાઓથી બચવા માટે માત્ર ને માત્ર સંગઠન મજબૂત બનાવવા પર ભાર મૂકવો. આવનાર દિવસોમાં કદાચ સપ્ટેમ્બર માસ આસપાસ ગાંધીનગરમાં વિરાટ કિસાન સભા યોજવાની વાત કરી કિસાનોનું સમર્થન માંગ્યુ જેમાં કિસાનોએ પોતાના હાથ ઉંચા કરી સમર્થન આપ્યું. ત્યારબાદ આવેદન પત્રનું વંચાણ ઈડર તાલુકા પ્રમુખશ્રી શંકરભાઈ પટેલ કર્યુ. ત્યારબાદ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ ગયાં. ત્યાં આગેવાન કાર્યક્રમોએ કલેક્ટરશ્રીને આવેદન પત્ર આપ્યું હતું.

